શેઠ દ્વારકાંદાસ છોટાલાલ

વિરહ.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભક્ત સોની છોટાલાલ કીશોરદાસ.

મુ. પેટલાદ.

અમદાવાદમાં

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં,

શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યો.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કીમત રૂ. ૦-૦-૬

પ્રસ્તાવના.

રા. રા. શેઠ દ્વારકાદાસ છોટાલાલ વીરહ નામનું પુસ્તકની પ્રસ્તાવના લખવાની શરૂઆતમાં જણાવવું જોઇએ કે આપણા આર્ય દેશની ઉન્નતિનો મુખ્ય આધાર સ્વદેશ ભક્તો પ્રેમી વીર નરરત્નો પર રહેલા છે. જે નર રત્નો તન, મન, ધનથી પુરા પરીશ્રમ કરી સ્વદેશની ઉન્નતિ ઇચ્છી, સ્વધર્મ સંત સાધુની સેવામાં તથા કલ્યાણ કરવામાંજ સર્વદા ઉત્સાહ ધરાવી રહ્યા છે. તથા જે જનો દેશીઓનું શ્રેય કરવામાંજ પોતાનું હિત લગાડી રહ્યા છે. સ્વદેશની ઉન્નતી અને સંપત્તી કેવા કેવા સત્કાર્યો કરવાથી જય પામે છે. તથા કેવા પ્રકારની ઉંચ કેળવણી આપવાથી સ્વદેશવાસીએ પોતાનું તથા પોતાના સ્વદેશનું હીત સમજી શુભ કીર્તીવાન થાયછે. તથા જેના શુભ વિચારો અને તર્ક વિતર્કમાં જેનું મન, તન, અહોનિશ આર્ય દેશનું હિત કરવામાં આનંદથી જોડાયલુંછે. તથા આપણા આર્ય દેશનું ઉત્કર્ષ અમુક અમુક સત્કાર્યોમાં સમાયલું છે. તેવા નરરત્નો પ્રેમભાવ, મમતાએ જ સ્નેહે ભાવ ઉત્પન થઇ તેમનો શુધ્ધ શરણ અને સત્ય વચન પર તેમનો અપૂર્વ સંભાવીક વિશ્વાસ અને દ્રઢભાવના બંધાયછે.

લી० કર્ત્તા.

શેઠ દ્વારકાંદાસ છોટાલાલ

વિરહ.

દોહરો.

જગકર્તા એ ઇશ્વરા, રચીયા સર્વ સંસાર;
ખોટે ખેલ આ ખલકમાં, સરજ્યા તે નરનાર. ૧

માથે દુખ મુવાતણું, કોણ રંક કોણ રાજ;
કાળ શીર કોપી રહ્યો, જેમ તેતરપર બાજ. ૨

કમળ વાડી પુષ્પતણી, ખીલે ને કરમાય;
તેવો પણ આ ખેલ છે, કોઇ આવે કોઇ જાય. ૩

સંવત ઓગણી અગનોતરે, રૂડો છે પોસ માસ;
એકાદશી ને રવીવાર છે, ત્રણ વાગતાં ખાસ. ૪

કાળે કયાંથી ઘેરીયો, શેઠ દ્વારકાંદાસ;
સગાકુટુંબને છોડીને, વૈકુંઠ કીધો વાસ. ૫

રૂદન કરે નર નારીઓ, ચાલે આંસુ ધાર;
શોક લોકને બહુ થયો, ક્યાંથી આવ્યો કાળ. ૬

શુભ સસરા છે નાગજી, પુત્ર તે ત્યાં હાલ;
હીરાભાઇ ને શીવલાલ, રૂવે થઇ બેહાલ. ૭

નારણભાઇ ત્યાં આવીયા, માને કાકા સમાન;
સમક્ષ ત્યાં આવી રહ્યા, કરાવ્યાં પુનદાન. ૮

મીત્રમંડળ કુટુંબના, સગા મળી સર્વ સાથ;
ત્રસ્ટી નીમ્યા જે ઘડી, શેઠે જાતો જાત. ૯

રાત દીન રહેતા સાથી, શાણુ ન અળગા એક;
ડાહ્યા શાણા ગુણી ઘણા, અતી જાણું વીવેક. ૧૦

ઘણા માયાળુ જાણીને, હીરાલાલ મુળચંદ;
ધર્મ કાર્યે કીધા ખર્ચ, સમજાવ્યાં તે ફંડ. ૧૧

ભેખરે ઉતારો રાજા ભરથરી—એ રાગ.

સ્વર્ગવાસી થયા શેઠજી, દ્વારિકાંદાસ નામજી;
જ્ઞાતિ નાગર વાણીયા, પેટલાદ છે ગામજી. સ્વર્ગ. ૧
પોસ શુદી એકાદશી, રૂડો છે રવીવારજી;
દિવસના ત્રણ વાગતાં, થયો શેઠનો કાળજી. સ્વર્ગ. ૨
સગાંરે છોડી કુટુંબનાં, ગયા સ્વર્ગ દ્વારજી;
હીરારે મોતીની હીમ ટેકરી, મુંબાઇ શાહેરનાં બજારજી
સ્વર્ગ. ૩

ત્યારે થકી ધન મેળવ્યું, કીધો વૈકુંઠમાં વાસજી;
ધન જેની માત તાતને, લીધી જગમાં સાબાસજી.
સ્વર્ગ. ૪

ધર્મનો સ્થંભ તુટી પડ્યો, કરતાં ધર્મનાં કાજજી;
દયારે દાન ને દીનતા, અભિમાન કાઢ્યું તાજજી. સ્વર્ગ ૫

નાગર કુવાની પોળનું, લક્ષ્મી નારાયણ ધામજી;
પ્રતિષ્ઠા [illegible] [illegible] દામજી સ્વર્ગ.

વેદ ભણેરે વિદ્યાર્થી, પાઠશાળા [illegible]જી;
શિક્ષ[illegible] [illegible] બદ્રીશંકર નામજી. સ્વર્ગ. ૭

ધર્મશાળા હનુમાનમાં, [illegible] પ્રમાદ થાયજી.
પરવારી બ્રહ્મબાળકો, [illegible]માં જાયજી. સ્વર્ગ ૮

મોટા [illegible] વેપારમાં, ધન્ય મળ્યું અપારજી;
ધર્માદા [illegible] [illegible]. સ્વર્ગ. ૯

સંત [illegible] [illegible] માટે [illegible] [illegible]જી.
પુરવ ભવનું પુન્ય કરે, નાગર [illegible] [illegible]જી.
સ્વર્ગ. ૧૦

લલીતની દેશી.

અરર હાયરે આ શુંરે થયું, અમૂલ્ય રત્ન ક્યાં ઉડીરે ગયું

દ્વારકાં દાસ શેઠ કયાં ગયા, ઉરતણા ઉંડા વિચારતો રહ્યા.
વિરહ વિયોગી જોતાં ના જડે, રૂદન રાતદીન ચોધાર જળ પડે;
આશરો આપતા આશા ઘણી હતી, વીખરાય વાયરે હુંશ
રહી જતી.

અરે દૈવ્ય તને ન આવીરે દયા, સદગૃહસ્થ એ કયાં નાસીરે ગયા;
ચાહતો હતો પ્રીતે કાકા આપને, મુંબાઈ શહેરમાં યોગ
આવિયો મુજ.

વડીલબંધુ ભ્રાત પુર્વભવમાં હશો, જતાં જરા વીચાર ના કર્યો કશો
કીધા મુને સ્નેહ સમય કરવા, એમ થઈ નીરાશ શોક ધરવા.

ગામ ખંભાતવાળા છોટાલાલ મુળચંદભાઈ જેને
નાનપણથીજ શેઠનો સારો સમાગમ તથા કાકા તરીકે
બાપ કરતાં આદે માનતા, તેમજ શેઠ પણ તનમનથી
ભાવ ધરી ભત્રીજા તરીકે માનતા તથા તેમ રહ્યા, શાણા,
શુદ્ધ બુદ્ધીવાળા ગુણી પવીત્ર જાણી ખરટી નીમાયલા
જેણે પોતાની નાની ઉમરથી સારી કીરતી મેળવેલી તથા
ખાસ પોતાની દેશી નાટક કંપનીમાં જસ પામેલા તથા
ઘણાક અધીકારીઓ તથા સદગૃહસ્થોએ માન આપેલું
તથા પોતાની દુકાનો ચાલે છે તથા સારા કાપડ તથા
તંબાકુ તથા ઘી મળી શકે છે.

અંતરલાપિકા

એક પાસે જોતાં તેમનું નામ આવશે.

કાયા જીવને કહે છે રે,—એ રાગ.

છોટાલાલ કહેછેરે, પીતા મુળચંદ ભાઇ.
ટાળી શકે ના દુખનેરે. પુત્ર કે પીતરાઇ.
લાખ ક્રોડ ખરચતાંરે, બચવાની નહી બારી;
લક્ષરાન સંભારેરે. અંતે લેશે ઉગારી.
મુનસાહેબનું ટાણુંરે, ફરી ફરી નવ મળતું;
રટતાં રામને ભાઇરે, મટાડે ચીત ભમતું.
ચતુરભુજને ભાવતાંરે, મટે ઉર અંધારૂં;
નમન નાથને કરતારે, થાશે નક્કી સારૂં.
ભાવે ભુદર ભજતાં રે, સંશય સર્વ દુર થાશે
ઇલાજ એ છે મોટોરે, તે જન ઃ સાબાસે

રાગ રાસડો.

કાળનો કોપ છે ભારીરે, રોતાં ઘણાં નરને નારીરે. (૨)
પેટલાદ ગામના નાગર વાણીયા, છોટાલાલ છે નામ;
તેમના પુત્ર દ્વારકાંદાસ કહીયે, રહેતા મુંબાઇ ઠામ;
થયો રોગ દુઃખાકારીરે. રોતાં ઘણા. ૧
નવીને જુની તિરીયા તમારી, દીવાળીબા સુરજ નામ;

ડાકટર વૈદ્યની દવા કરાવી, દીધાં ઝાઝાં દામ;
બચાવા ના જડી બારીરે, રેતાં ઘણાં. ૨
ભત્રીજા તરીકે છે ભાગીદાર, નારણભાઈ છે નામ;
ખુટીની બુટી ના જડે ખોળી, દીલગીર થઇ હાર્યા હામ;
ગયા ઘણ હીમત હારીરે રોતાં ઘણાં. ૩
દાસના સસરા નાગજી કહીયે, તેડાવ્યા હતા તે ઠામ;
તેમના પુત્ર બંને કહીયે, હીરાભાઇ, સીવલાલ નામ;
કીધા નેમ આજ્ઞાઓ પાળીરે- રોતાં ઘણાં. ૪
ટ્રસ્ટીયો નીમેલા શેઠ હેમંતી ધારણા હતી જે મન;
ધર્મ કાર્યોને ઘર નામથી, સમજાવ્યા તે દન;
ઘુસી લોકો ભરાયા ગારે રોતાં ઘણું. ૫
મુનમ બુલાખીદાસજી કહીયે, રેતા ચોધારાં નીર;
શેઠ બિહારીજી આ શું કીધું, કેમ કરી રાખું ધીર;
ઘણા દીન આજ્ઞાયો પાળીરે રોતાં ઘણાં ૬
પેટલાદ શહેરમાં તારરે આવ્યા, મરણની જાણી વાત;
સગાં વહાલાં કુટુંબ નાતીલા, કરતા આંસુંપાત;
થયા ભયભીત ત્યાં ભારીરે. રોતાં ઘણાં. ૭
ભાઈજીભાઈ બંધુ તમારા, પુત્ર તેના જેઠાલાલ;
દાસનું મૃત્યુ શોક જાણી, બની ગયા બેહાલ;
ક્રિયા ખરચ નાત સુધારીરે. રોતાં ઘણાં ૮
દાસના સાળા હરીભાઈ, જાણી મરણની વાત;

ચોધારાં આંસુ રડવા લાગ્યા, થયો ઘણો ઉતપાત;
ગયા ઘણા હીમત હારીરે. રોતાં ઘણાં ૯
દાસના સગા પુલચંદજ કહાંયે, પીતા જેના રણછોડ;
આંસુપાત કરે અતી ઘણા, સહાકુની ભાગી જોડ;
હતી શેઠ ઓથ તમારીરે. રોતાં ઘણાં ૧૦

રાગ મરસીયો.

હાય હાયરે શેઠ થયા સ્વર્ગવાસી, શેઠ થયા સ્વર્ગવાસી;
નાગર વણીગમાં કીધી સાખાગીરે. હાય હાયરે. (૨)
પુર્વ ભવના હશે સંસ્કારી, ધરી સુજનના શુભ ગીરની ધારી;
થયા પેટલાદમાં પુણ્યસારે. હાય હાયરે. ૨
સદગ્રહસ્થ જનાં ધોળે દહાડે, મીઠો રૂવે ને આંસુ પાડે;
વાત વીરલ સોદની કાહાણ. હાય હાયરે. ૩
શેઠ છોટાનેલાલના તંન, દવારકાંદાસ ધન ધન;
ઇષ્ટદેવ હશે પ્રસનરે. હાય હાયરે ૪
વણુજ વહેપારમાં જશ પામે, રળી મેળવીયાં ઘણેરાં દામે;
અતી ઊદાર કરે ધર્મ કામરે. હાય હાયરે. ૫
મીથ્યા મત માહરો ના તાણુ, જગત લોક કહેતા જાણુ;
જઇ મુંબાઇમાં મેળવ્યું નાણુંરે. હાય હાયરે. ૬
પ્રજા વીના જાણીને ઠાંમ, સુભ ધારી હૈયામાં હામ;
લક્ષ્મીનારાયણનું બંધાવ્યું ધામરે. હાય હાયરે. ૭

નીત ભકતોનુ ભજન થાય, પડે રાત્રીને લોક ભરાય;
નર નારી હરીગુણ ગાયરે. હાય હાયરે. ૮
વાગે નરઘાં ઢોલકરે કાંસી, હેવા ભકતો ઘણાછે હાંસી;
મટે કાળના મુખની ફાંસીરે. હાય હાયરે. ૯
આશા શેઠની ઉરમાં ઝાઝી, થપ્યા ગોવરધન મુખીયાજી;
સેવા સામગરી કરે નીત તાજીરે. હાય હાયરે. ૧૦
વૈવટ બુલાખીની દેખરેખ, કરે સર્વ કાર્યોનો વીવેક;
સદાવ્રત આપે રૂડે નેકરે. હાય હાયરે. ૧૧

શ્રી—

બંને સ્ત્રીના વિલાપ.

મારા પ્રેમવશ પાતળીયા—એ રાગ.

વીરહ શોક થયો બહુ ભારી, રૂવે શેઠની બંને નારી;
સ્વામીનાથ ગયા કયાં મેલી, પ્રભુ વિના કોણછે બેલી;
જેમ સુકાય નાગરવેલી, હૈયેથી હીમત હારી. રૂવે શેઠ.
અરે કાળ કોપ શો કીધો, સ્વામીનાથ હરી કયાં લીધો;
હીરો અમુલ્ય હડતાવી દીધો, જરા દયા ન આવી હમારી.
રૂવે શેઠ.
ગયા હોત જો વીદેશ વાટે, તો ખોળી કાઢત સીષ સાટે;
મન માહે ગણા ઉચાટે, નવ જડી શોધની બારી રૂવે શેઠ.
બેઠક બંગલાના ઠઠ, ટેબલો ખુરસીયોને કબાટ;
જોઇ રહ્યાં તમારી વાટ, તસબીની રચના ભારી. રૂવે શેઠ.

હાંડી તકતા હારોહારી, જમરૂખની શોભા સારી;
જુવે વાટ તમારી ધારી, તમ વીના કોણ અધીકારી. રૂવે શેઠ.
તમે શુભભારીને હામ, નગી પ્રજા પુત્ર એ ઠામ;
દેવસ્થાનનાં કીધાં કામ, અમર નામની કિર્તી વધારી. રૂવે શેઠ

શેઠ નારણભાઇ ગોરધનદાસનો વીલાપ.

છપા.

નારણભાઇ નીરાસ, વાત જોઈ વીપરીત ભારી;
સર્ગવાસ થયા શેઠ, રૂવે બહુ નર ને નારી.
વીરહ શોક અથાક, ઉરમાંહેચીતડુ દાઝે;
રૂવે ચોધારાં નીર, આભ તુટે જેમ આજે.
વહેપાર વણજની વાત, કરૂ ઠાકા કોને હાવે;
ભત્રીજા તરીકે માનતા, બગાડયો દૈવે દાવે.
હારી બેઠો હાંમ, કાંમ કશુ ના સુજે;
વીરહ શોક અંગાર, ઉરથી કબુ ના બુજે.
વડીલ બંધુ મીત્ર તમે, અતી કીધો ઉદાશ,
ઓચીંતા ચાલી ગયા, વૈકુંઠ કીધો વાસ.

છપો.

જેમ તજીને મીન, જળથી દુરજ થાયે;
જેમ તરછોડી વછ ધેનુ તો ચાલી જાયે.
જેમ તરછોડે માત, બાળક કયાં જઇ ઠરશે;

જેમ ન કીધુ રાજ, ભરથજી વચને પળસે.
પણ તેતો પાછા આવીયા, કોક દીન પુરે આશ;
પણ શેઠની આશા કયાં લગી, વૈકુંઠ કીધો વાસ.

મંનહરની દેશી.

દયા દાન દીનતા, દયાળુ ઘણા શેઠ હતા;
નાગર વણીક માંહે, નામતો વધારીયુ.
ધર્મ કાર્ય કરવાની, ધારણાઓ જે જે હતી;
ઇશ્વર કૃપાએ પણ, પોતા તણુ પાળીયુ.
નવા નવાં ભાષણ, સુણીને સાર સદા ગ્રહે;
પછી રાખે પુરેપુરો, પ્રેમ ધરી ધ્યાનમાં.
શ્રીમાન છતાં ન ડાળ, શ્રીમંતનુ રાખે લેશ;
બેસે બહુ સ્નેહ સાથ, દીન જંન સાથમાં.
મુંબાઈ મકાન મધે, શેઠ સદગ્રહસ્થ આવે;
સેવા મેવા મીઠાઇની, પ્રસાદી કરાવતા.
પછી પાન સોપારી, ચહા દુધ કઢેયેલાં;
પાત્રો માંહે પ્યાલા ભરી, આનંદ કરાવતા.
નાતીલા ભાઇયોની નીત બેઠકતો ચાલુ રહે;
હુકા તમાકુ અફીણ, કસુંબા કરાવતા.
આડોસી પાડોસી નર નારીયોને નાતવાળી;
વાત તો વીકારી ભાળી, માંડયા આંસુપાતમાં.
રોતાં રહેશે સગાં વહાલાં, હાલને હેવાલ થઇ;
કાળને અકાળે કયાંથી, નાખ્યા કષ્ટ સોકમાં.

નાતવાળાનો વિલાપ.

સીતાજીના મહીનાનો રાગ.

અરે હાય હવ શું થાય, આ કોપ કેવો થયો;
પુણ્યશાળી દવારકાંદાસ શેઠ હીરો ઉડતાઇ ગયો.
નાગર વણીકનું હતું નાક, હુડીયે હાલે ઘણી;
દેશ પરદેશમા કાહાડયુ નામ, સુણી કીરતી તમો તણી.
આવે મળવા ઘણા સદગ્રહસ્થ, તો હસ્ત જોડી નમે;
ભલે પધાર્યા મુજ સજન, પાવંન કીધાં ઘર તમે.
બોલે મુખથી અમૃત બોલ, વીવેકી હતા ઘણા;
માયાળુ હતા મંનના ઉદાર, ગાયે ગુણ તમ તણા.
નીત નાગર વણીક ભરાય, બેઠક તો ચાલુ રહે;
કસુંબા પાન સોપારી ચાહ, હુકા તમાકુ દીયે.
હોય નાત સબંધી વાત, પુછે આવી આપજે;
કુસંપને કરાવે સંપ, મટે પરોતાપતે.
સદગ્રહસ્થ જાણી રાખે સરમ, વચન કો લોપે નહીં.
આપ આજ્ઞા પ્રમાણે થાય, આનંદ પામે તહીં.

રાસડો.

તેત્રીસે તડાકો લગાયોરે ખરડીયાનો જોગ લગાયોરે.—એશણ
દાસ તમે નામ દીપાવ્યુંરે, અમરનામ બીજ રોપાવ્યુંરે;
દેવસ્થાનકને પાઠશાળા અનક્ષેત્ર ને સદાવ્રત;
સદગૃહસ્થી ધર્મ કાર્યમાં નીતી, એકાદસી શુભવ્રત.—દાસ.
ધાર્મીક વણીક જાતે વડા પણ, ધન મદ નહી લેશ;
આશ્રીતને આપે અતિ અતિ ધનને ધર્મ ધ્યાન હમેશ.—દા.
નવ ગમે કદી કલેશ કે ટંટો, લડાઇ નહી મન લેશ;

નમ્રતાથી બોલાવે સર્વને, આનંદ ઉર હમેશ.–દાસ.
મુખે ઉચરતા વાણી મધુરી, અમૃત સરખા બોલ;
ભક્ત કવી પર ભાવ ઘણેરો, ભેટવા આવે જન;
કાવ્ય કવીતાની કદર કરતા, આપ થઇ પ્રસન્ન—દાસ.
વિદ્યા વધારવા વિવેક સાગર, પુસ્તકો ઉપર પ્રેમ;
વાસ્તે આપતા ઉદાર મનથી, રૂડો રાખી નેમ.–દાસ.
ભારતભુમીમાં ગુજર દેશ, વડોદરા છે પ્રાંત;
પેટલાદમાં નાગર વણીક, સ્વભાવના હતા શાંત.—દાસ
શેઠ દવારકાંદાસજ કહીયે, કસબા મધે ઠામ;
પવીત્ર પીતા તેમના કહીયે, છોટાલાલ શુભ નામ –દાસ.

રાગ બનજારો.

ખાસ મીત્ર હતા તમે મારા, ઘણા ગુણ શું ગાવું તમારા;
તન વીના ક્ષણ નવ ચાલે, વીરહ શોક રૂદેમાં સાલે;
બંને પાત્ર બેસી જમનારારે—ઘણા ગુણ.
શુભ વિચાર શાન્તીના ભરીયા, વચન પોતાતણું ઘણા પળીયા;
ઠામ ઠીક વૈકુંઠ ઠરનારા—ઘણા ગુણ.
મુજ મીત્ર કીધો ઉદાસ, હાયે કયારે મળવાની આશારે;
ધર્મ કાર્યોમાં ધ્યાન ધરનારા—ઘણા ગુણ
બંને મીત્રની શુભ હતી જોડી, દયા ન આવી ગયા તરછોડી;
જુઠી માયા દીલાસા કરનારા.—ઘણા ગુણ.
હરી આગે કાંઇ ન ચાલે, હુકમ વિના પાન ન હાલે;
ધર્મરાજા લેખાં કરનારા—ઘણા ગુણ.
લખ્યો મટે ન વિધાત્રાનો ટાંક,
આયુષ ખુટે કોઇનો નહી વાંક;
ગોવીંદજીએ રચી ઘટમાળા—ઘણા ગુણ.